આસપાસ ચોપાસ

ચોખીઆમલી

ચોખીઆમલી ગામે ડિંડન યાહા ઘેરૈયા નૃત્યની પરંપરા, સાતપુડાની સંસ્કૃતિનો અનોખો વારસો

ચોખીઆમલી ગામે ડિંડન યાહા ઘેરૈયા નૃત્યનું આયોજન કરવામાં આવે છે. સાતપુડા પર્વતમાળામાં વસતા આદિવાસી સમાજની આશરે 100 વર્ષ જૂની આ પરંપરા આજે પણ ઉત્સાહ અને શ્રદ્ધા સાથે જળવાઈ રહી છે. હોળી પર્વ નિમિત્તે સાતપુડાના આદિવાસી સમાજ દ્વારા પાંચ દિવસ સુધી 'દેવ નાચણાનો' કાર્યક્રમ યોજાય છે. આ અનોખા નૃત્યની શરૂઆત હોળીના બીજા દિવસથી થાય છે અને વિવિધ ગામોમાં તેનું આયોજન કરવામાં આવે છે. ચોખીઆમલી ગામે પણ પરંપરાગત રીતે ડિંડન યાહા ઘેરૈયા નૃત્ય યોજાતા હજારો લોકો આ નૃત્ય નિહાળવા માટે ઊમટી પડે છે. આ નૃત્યની સૌથી વિશેષ બાબત એ છે કે તેમાં પુરુષ યુવાનો સ્ત્રીનો વેશ ધારણ કરીને નૃત્ય કરે છે. નૃત્યમાં જોડાતા યુવાનો લાંબી ધાર્મિક પ્રક્રિયા અને કઠોર તપસ્યા બાદ આ પરંપરાનો ભાગ બને છે. નૃત્ય દરમિયાન તેઓ પરંપરાગત વસ્ત્રો અને આભૂષણો ધારણ કરી વિવિધ નવ ચાલ પર નૃત્ય કરે છે. ડિંડન યાહા ઘેરૈયા નૃત્ય 24 મહિનામાં એક વખત યોજાય છે અને પાંચ દિવસ સુધી વિવિધ ગામોમાં તેની ઉજવણી થાય છે. ચોખીઆમલી સહિત સાતપુડા વિસ્તારના લોકો માટે આ માત્ર નૃત્ય નહીં પરંતુ તેમની સંસ્કૃતિ, શ્રદ્ધા અને પરંપરાનો જીવંત વારસો છે. ચોખીઆમલી ગામે યોજાતા આ અનોખા નૃત્યને નિહાળવા માટે ગુજરાત-મહારાષ્ટ્રના સરહદી વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં લોકો પહોંચે છે. સાતપુડાની ધરતી પર આજે પણ જીવંત રહેલી આ પ્રાચીન પરંપરા આદિવાસી સંસ્કૃતિની આગવી ઓળખ બની છે.

ચોખીઆમલી ગામના નિવૃત્ત શિક્ષક રેવાભાઈ પાડવી

મૂળ કુકરમુંડાના ચોખીઆમલી ગામના રહેવાસી રવિદાસભાઈ નસરૂભાઈ પાડવી રેવાભાઈ તરીકે જાણીતા છે, તેમણે પોતાનું સમગ્ર જીવન શિક્ષણ અને સમાજસેવાને સમર્પિત કર્યું છે. આજે તેઓ એક નિવૃત્ત શિક્ષક તરીકે ગામ અને સમગ્ર વિસ્તાર માટે પ્રેરણારૂપ બન્યા છે. રેવાભાઈનો જન્મ સન-1963માં કુકરમુંડાના ચોખીઆમલી ગામમાં થયો હતો. તેમણે પી.ટી.સી.નું શિક્ષણ મેળવ્યું હતું. અભ્યાસ દરમિયાન તેમણે હાર્મોનિયમ અને ઢોલક સહિતના વાદ્યોનું પણ જ્ઞાન મેળવ્યું હતું. તેઓ ધોરણ-9માં અભ્યાસ કરતા હતા ત્યારે તેમના પિતાનું અવસાન થતાં તેમને માધ્યમિક શિક્ષણ દરમિયાન અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. તેમ છતાં તેમણે હિંમત ન હારી અને સંઘર્ષ વચ્ચે પોતાનું શિક્ષણ આગળ વધાર્યું હતું. શિક્ષક તરીકે તેમની કારકિર્દીની શરૂઆત ડેડિયાપાડા તાલુકાના બૂરી ગામની પ્રાથમિક શાળામાં થઈ હતી. બૂરી ગામમાં ફરજ દરમિયાન ચોમાસામાં નદીમાં પાણી ભરાઈ જતું હોવા છતાં તેઓ બાળકોને ભણાવવા માટે નદીના પાણીમાં તરીને શાળાએ જતા હતા. આવી મુશ્કેલ પરિસ્થિતિમાં પણ તેમણે 12 વર્ષ, 9 મહિના અને 19 દિવસ સુધી શિક્ષણની સેવા નિષ્ઠાપૂર્વક બજાવી હતી. બાદ સન-1999થી સાગબારાના નવાગામની પ્રાથમિક શાળામાં તેમણે શિક્ષક તરીકે સેવા આપી અને આશરે 22 વર્ષ સુધી બાળકોને શિક્ષણ આપ્યું હતું. સમગ્ર સેવાકાળ દરમિયાન તેમણે શિક્ષણને જ પોતાની મુખ્ય સાધના બનાવી અને બાળકોના ઘડતર માટે સતત કાર્ય કર્યું હતું. શિક્ષણની સાથે રેવાભાઈ સામાજિક અને ધાર્મિક પ્રવૃત્તિઓ સાથે પણ જોડાયેલા રહ્યા છે. તેમણે આદિવાસી સમાજમાં ભક્તિ અને આધ્યાત્મિકતાનો પ્રચાર-પ્રસાર કરવામાં યોગદાન આપ્યું છે. તેમના પ્રયાસોથી તેમના વતન ચોખીઆમલી ગામમાં ભાથીજી મંદિરની સ્થાપના પણ થઈ હતી. સાદગી, સંઘર્ષ, શિક્ષણ પ્રત્યેની નિષ્ઠા અને સમાજ પ્રત્યેની જવાબદારીના કારણે નિવૃત્ત શિક્ષક રેવાભાઈ પાડવી ચોખીઆમલી ગામની પ્રેરણાદાયી વ્યક્તિ તરીકે ઓળખાય છે.

ગામમાં શિક્ષણની સુવિધા

ગામમાં શિક્ષણની સારી વ્યવસ્થા જોવા મળે છે. ગામમાં ધોરણ-1થી 8 સુધીની પ્રાથમિક શાળા આવેલી છે, જેમાં કુલ 164 વિદ્યાર્થી અભ્યાસ કરે છે. શાળાના મુખ્ય શિક્ષક તરીકે રાજેન્દ્રભાઈ એમ. વળવી ફરજ બજાવી રહ્યા છે. તેમની સાથે ભાનુબેન પી.પાડવી, મુકેશકુમાર વી. ચૌધરી, રુબીબેન ડી. ગુપ્તા અને શીતલબેન મકવાણા સહિતના શિક્ષકો વિદ્યાર્થીઓને શિક્ષણ આપી રહ્યા છે. ગામમાં નાનાં બાળકોનાં પ્રાથમિક શિક્ષણ અને પોષણ માટે બે આંગણવાડી કેન્દ્ર પણ કાર્યરત છે. આંગણવાડીઓમાં બાળકોને પ્રાથમિક શિક્ષણ સાથે વિવિધ શૈક્ષણિક અને વિકાસલક્ષી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. ગામમાં તાપી કાંઠા નવસર્જન ગ્રામ વિકાસ સંઘ, મૌલીપાડા સંચાલિત ઉત્તર બુનિયાદી આશ્રમ શાળા, ચોખીઆમલી, તા.કુકરમુંડા આવેલી છે. આ સંસ્થાની સ્થાપના 12 જૂન, 2000ના રોજ કરવામાં આવી હતી. હાલમાં અહીં ધોરણ-9 અને 10ના કુલ 80 વિદ્યાર્થી અભ્યાસ કરે છે.

આશ્રમશાળામાં ઇ.ચા. આચાર્ય તરીકે વળવી પ્રકાશભાઈ વિરસિંગભાઈ ફરજ બજાવે છે. શિક્ષક તરીકે શાહ રાજેશભાઈ સુરેશલાલ અને ચૌધરી પંકજભાઈ સેવા આપી રહ્યા છે. જ્યારે પાડવી દમયંતીબેન સુભાષભાઈ જુનિયર ક્લાર્ક તરીકે ફરજ બજાવે છે. શાળાની વ્યવસ્થામાં વળવી ઉત્તમભાઈ નરપતભાઈ અને ગાવીત પાર્વતીબેન હરિસિંહ રસોઇયા તરીકે તથા વસાવે કુશાબેન લાલસિંગ રસોડા સેવક તરીકે સેવા આપી રહ્યા છે.

રાજકીય અગ્રણી શર્મિલાબેન રવિદાસ પાડવી

ચોખીઆમલી ગામનાં શર્મિલાબેન રવિદાસ પાડવી અગાઉની ટર્મમાં ગ્રામ પંચાયતના સરપંચ તરીકે સેવા આપી ચૂક્યાં છે. સરપંચ તરીકેના કાર્યકાળ દરમિયાન તેમણે ગ્રામજનો સાથે રહી ગામના વિવિધ પ્રશ્નો અને વિકાસલક્ષી કામગીરીમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. ગામના સ્થાનિક સ્વરાજ્યના રાજકારણમાં સક્રિય રહેલાં શર્મિલાબેને હવે વધુ મોટી જવાબદારી સંભાળી છે. હાલમાં યોજાયેલી તાપી જિલ્લા પંચાયતની ચૂંટણીમાં મોરંબા બેઠક પરથી તેઓ વિજેતા બન્યા છે અને તાપી જિલ્લા પંચાયતના સભ્ય તરીકે ચુંટાઈ આવ્યા છે. આ રીતે શર્મિલાબેનની સફર ચોખીઆમલી ગ્રામ પંચાયતના સરપંચથી લઈને તાપી જિલ્લા પંચાયતના સભ્ય સુધી પહોંચી છે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં મહિલાઓની સક્રિય ભાગીદારી અને નેતૃત્વનું તેઓ ગામ માટે એક ઉદાહરણ બની રહ્યા છે.

સાદગીભર્યું જીવન અને મુખ્ય આધાર ખેતી

ચોખીઆમલી ગામના ગ્રામજનોની રહેણીકરણી ખૂબ જ સાદી અને સરળ છે. ગામના લોકો પોતાની પરંપરા, સંસ્કૃતિ અને પ્રકૃતિ સાથે જોડાયેલી જીવનશૈલી જાળવી રાખીને આધુનિક સમય સાથે પણ આગળ વધી રહ્યા છે. ગામમાં મુખ્યત્વે સ્થાનિક આદિવાસી બોલી બોલવામાં આવે છે. ગામની કુલ વસતીમાં 100 ટકા લોકો અનુસૂચિત જનજાતિ (ST) સમુદાયના છે. તેમાં આશરે 3થી 4 કુટુંબ આદિમ જૂથના પણ હોવાનું ગ્રામજનો જણાવે છે. ગામની આસપાસનો વિસ્તાર પ્રકૃતિથી સમૃદ્ધ છે. ગામની નજીકથી વડ ખાડી નદી વહે છે, જે સ્થાનિક ભૌગોલિક અને કુદરતી પરિસ્થિતિનો મહત્ત્વનો ભાગ છે. અહીં ઋતુ અને વરસાદની પરિસ્થિતિ પ્રમાણે વિવિધ પાકોનું વાવેતર કરવામાં આવે છે. ગામમાં મુખ્યત્વે ડાંગર, મકાઈ, કપાસ, એરંડા, શેરડી, ઘઉં, જુવાર, દાદર અને સોયાબીન જેવા વિવિધ પાકોનું ઉત્પાદન થાય છે. એક જ પ્રકારના પાક પર આધાર રાખવાને બદલે ખેડૂતો ઋતુ પ્રમાણે અલગ-અલગ પાકોની ખેતી કરીને પોતાની આવકનું સાધન ઊભું કરે છે.

ક્ષત્રિય વીર ભાથીજી મહારાજ મંદિરે પરંપરાગત નવરાત્રિની ઉજવણી

ચોખીઆમલી ગામે દર વર્ષે ક્ષત્રિય વીર ભાથીજી મહારાજના મંદિરે પરંપરાગત રીતે નવરાત્રિ મહોત્સવની ઉજવણી કરવામાં આવે છે. નવરાત્રિના નવમા દિવસે ગામના ગ્રામજનો મોટી સંખ્યામાં એકત્ર થઈ ભક્તિભાવ સાથે ગરબા રમતા જોવા મળે છે. હાલના ડી.જે. અને આધુનિક સંગીતના યુગમાં પણ ચોખીઆમલી ગામની વર્ષો જૂની પરંપરા આજે પણ જળવાઈ રહી છે. અહીં ગ્રામજનો જાતે ગરબા ગાઈને તેમજ ઢોલ-તાસાના તાલે માતાજીની આરાધના સાથે ગરબા રમે છે. પરંપરાગત રીતે યોજાતી આ ઉજવણીમાં આધુનિક સંગીતને બદલે સ્થાનિક લોકસંગીત અને સામૂહિક ભક્તિનું વિશેષ મહત્ત્વ જોવા મળે છે. ગામની આ ઉજવણીની એક વિશેષ પરંપરા એ છે કે અહીં વરઘોડો ફેરવવામાં આવતો નથી. તેના બદલે ગામના દરેક ઘરમાંથી પૂજા અને આરતીની થાળ લઈને ભક્તો ક્ષત્રિય વીર ભાથીજી મહારાજના મંદિરે પહોંચે છે. ત્યારબાદ સૌ ભક્તો એકસાથે આરતી કરી માતાજીની આરાધના કરે છે અને પરંપરાગત ગરબા રમે છે. ગરબા ગાયન અને પિયાનો વાદનમાં ગામના નિવૃત્ત શિક્ષક રેવા ગુરુજીની મહત્ત્વપૂર્ણ ભૂમિકા રહે છે. તેમના માર્ગદર્શન અને સંગીતના તાલથી નવરાત્રિની ઉજવણીમાં વિશેષ ઉત્સાહ અને ભક્તિભાવ જોવા મળે છે. નવરાત્રિ પૂર્ણ થયા બાદ દશેરાના દિવસે માતાના ગરબાને પાણીમાં પધરાવવામાં આવે છે. બાદ ગ્રામજનો અને ભાવિક ભક્તો માટે ભોજન પ્રસાદીનું આયોજન કરવામાં આવે છે. આ રીતે ચોખીઆમલી ગામમાં દર વર્ષે ઉજવાતો નવરાત્રિ મહોત્સવ માત્ર ધાર્મિક ઉત્સવ પૂરતો સીમિત ન રહેતા ગામની વર્ષો જૂની પરંપરા, લોકસંગીત, સામૂહિક એકતા અને ભક્તિભાવને જીવંત રાખવાનું કાર્ય કરે છે.

સુરપસિંગ ભાંગાભાઈ વળવી-કંડલા પોર્ટના નિવૃત્ત ટ્રાફિક ઈન્સ્પેક્ટર

ચોખીઆમલી ગામના સુરપસિંગ ભાંગાભાઈ વળવીએ સરકારી સેવામાં લાંબી અને જવાબદારીભરી કારકિર્દી પૂર્ણ કરી છે. તેઓ કંડલા પોર્ટ ખાતે શરૂઆતમાં ક્લાર્ક તરીકે સરકારી સેવામાં જોડાયા હતા. સેવા દરમિયાન તેમની કામગીરી અને અનુભવના આધારે તેમને સમયાંતરે બઢતી મળતી રહી અને તેમણે વિવિધ જવાબદારીઓ નિભાવી હતી. પોતાની ફરજ પ્રત્યેની નિષ્ઠા અને અનુભવના પગલે તેઓ અંતે ટ્રાફિક ઈન્સ્પેક્ટરના પદ સુધી પહોંચ્યા અને આ જ પદ પરથી નિવૃત્ત થયા હતા. સામાન્ય કારકિર્દીની શરૂઆતથી લઈને જવાબદારીભર્યા અધિકારી પદ સુધીની તેમની સફર ગામના યુવાનો માટે પ્રેરણારૂપ છે. તેમની સરકારી સેવા ચોખીઆમલી ગામ માટે ગૌરવની બાબત છે અને મહેનત તથા સતત કામગીરીથી સફળતા મેળવી શકાય તેનું ઉદાહરણ પૂરું પાડે છે.

ચોખીઆમલી ગ્રામ પંચાયતના ઉભરતા અને વિકાસશીલ સરપંચ રવિદાસ રાયસિંગ પાડવી, લોકસમસ્યાના ઉકેલ માટે રહે છે તત્પર

ચોખીઆમલી ગ્રામ પંચાયતના વિકાસમાં વર્તમાન સરપંચ રવિદાસ રાયસિંગ પાડવીનું નેતૃત્વ મહત્ત્વપૂર્ણ રહ્યું છે. ગ્રામ પંચાયતના વિકાસ અને ગ્રામજનોના પ્રશ્નોના નિરાકરણ માટે તેઓ સતત પ્રયત્નશીલ રહે છે. ખાસ કરીને ગામનાં વિકાસકાર્યો તેમજ યુવાનોને લગતા પ્રશ્નો માટે તેઓ હંમેશાં આગળ રહીને કામગીરી કરતા હોવાનું ગ્રામજનો જણાવે છે. રવિદાસ પાડવીના પરિવારનું ગ્રામ પંચાયતના જાહેર જીવન સાથે જૂનું જોડાણ રહ્યું છે. તેમના પિતા રાયસિંગ પાડવી પણ અગાઉના સમયમાં ગામના સરપંચ તરીકે સેવા આપી ચૂક્યા છે. છેલ્લી બે ટર્મથી પરિવારના સભ્યો ગ્રામ પંચાયતના સરપંચ તરીકે ચુંટાઈ આવ્યા છે. અગાઉની ટર્મમાં તેમનાં પત્ની શર્મિલાબેન રવિદાસ પાડવી સરપંચ તરીકે જવાબદારી સંભાળી ચૂક્યા છે, જ્યારે હાલની ટર્મમાં રવિદાસ રાયસિંગ પાડવી સરપંચ તરીકે ગામની સેવા કરી રહ્યા છે. ગામના વિકાસ માટે રવિદાસ પાડવીના નેતૃત્વ હેઠળ વિવિધ વિકાસલક્ષી કામગીરીને આગળ ધપાવવામાં આવી છે. ગ્રામજનોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ગામમાં પાયાની સુવિધાઓના વિકાસ માટે તેઓ સતત પ્રયત્નશીલ રહે છે. સ્થાનિક રાજકીય ક્ષેત્રમાં પણ તેમના પરિવારનું પ્રતિનિધિત્વ જોવા મળે છે. આ વર્ષે યોજાયેલી તાપી જિલ્લા પંચાયતની ચૂંટણીમાં મોરંબા બેઠક પરથી શર્મિલાબેન રવિદાસ પાડવી વિજયી બન્યાં છે અને તેઓ તાપી જિલ્લા પંચાયતનાં સભ્ય તરીકે ચુંટાયાં છે. તેમજ રવિદાસ પાડવીના નેતૃત્વ હેઠળ યોજાયેલી તાલુકા પંચાયતની ચૂંટણીમાં ભૂપેન્દ્રભાઈ છગનભાઈ પાડવી પણ વિજયી બન્યા હોવાનું જણાવાયું છે. આ રીતે ચોખીઆમલી ગામમાં રવિદાસ પાડવીનું પરિવાર ગ્રામ પંચાયતથી લઈને તાલુકા અને જિલ્લા સ્તર સુધીના સ્થાનિક પ્રતિનિધિત્વમાં સક્રિય રહ્યું છે. ગામના વિકાસ, ગ્રામજનોના પ્રશ્નો અને ખાસ કરીને યુવાનોના હિત માટે સતત કાર્ય કરવાની તેમની ભૂમિકા ગામના સ્થાનિક વિકાસમાં નોંધપાત્ર બની રહી છે.

ગામના સરકારી પદાધિકારીઓ અને નિવૃત્ત કર્મચારીઓ

- રાજેન્દ્રભાઈ માનસિંગ વળવી (શિક્ષક)
- વસંતભાઈ રૂબજીભાઈ વસાવા (શિક્ષક)
- વિનાયક જેમાભાઈ પાડવી (શિક્ષક)
- ભાનુબેન પ્રતાપ પાડવી (શિક્ષિકા)
- ઈશ્વરભાઈ બેલવ્યાભાઈ વળવી (નાયબ મામલતદાર)
- સુરપસિંગ ભાંગાભાઈ વળવી (નિવૃત્ત ટ્રાફિક ઈન્સ્પેક્ટર, કંડલા પોર્ટ)
- રવિદાસ (રેવા)ભાઈ નસરૂભાઈ પાડવી (નિવૃત્ત શિક્ષક)

(માહિતી સંકલન અને તસવીરઃ હંસરાજ પાડવી, કુકરમુંડા)